**ફોર્મ – એ**

सत्यमेव जयते

## ધોળકાનાં મહે. આઠમા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ, (પી.પી.જાડેજા) સાહેબની કોર્ટમાં, તા.ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)

**ચુકાદાની તારીખ – ૨૭/૦૪/૨૦૨૬**

**ઈલેક્ટ્રીસીટી કેસ નં. ૬૮/૨૦૨૪**

**આંક –**

(એફ.આઈ.આર.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)

જી.યુ.વી.એન.એલ. સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. ૨૮૦૪/૨૦૨૩

ગુનોઃ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી)

| | |
|---|---|
| ફરિયાદી | રીટાબેન શીભાભાઈ ભરવાડ |
| વિ.મ.સ.વ મારફતે | વિદ્વાન એ. પી. પી. શ્રી જે.સી. પટેલ |
| આરોપી | ગીતાબેન ધીરૂભાઈ પટેલ<br>રહે. રામનગર, તા. બાવળા, જી.અમદાવાદ. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી પી.આર. ચૌહાણ |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | ૨૧/૦૪/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૧૧/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

## આરોપીની વિગત

| અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી? | **CRPC** ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલાં છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ગીતાબેન ધીરૂભાઇ પટેલ | – | – | ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) | નિર્દોષ | આખરી હુકમ મુજબ | |

## ફોર્મ–સી

## ફરિયાદપક્ષના સાહેદોનું લીસ્ટ :–

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૯ | અજીતભાઇ બાબુભાઇ પટેલની જુબાની | પંચ સાહેદ |
| ૨ | ૧૧ | જાકીરભાઇ અકબરભાઇ વોરાની જુબાની | પંચ સાહેદ |
| ૩ | ૧૩ | કેતનભાઇ નટવરભાઇ મોદીની જુબાની | સાહેદ |
| ૪ | ૧૫ | સોહીલકુમાર કીર્તીભાઇ પટેલની જુબાની | સાહેદ |
| ૫ | ૧૬ | ઉર્મિલાબેન પ્રવીણભાઇ આચાર્યની જુબાની | સાહેદ |
| ૬ | ૧૮ | હલીમાબેન જાનમોહમ્મદ રાઉમાની જુબાની | સાહેદ |
| ૭ | ૨૧ | રીટાબેન શીભાભાઇ ભરવાડની જુબાની | ફરિયાદી |
| ૮ | ૨૪ | અશોકભાઇ છપ્પનભાઇ પટ્ટણીની જુબાની | ત.ક.અ. |

## ફરિયાદપક્ષના આંકે પડેલા દસ્તાવેજો :–

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચનામું |
| ૨ | ૧૪ | ગ્રાહકનું નિવેદન |
| ૩ | ૨૨ | ફરિયાદ |
| ૪ | ૨૩ | નોટીસ |
| ૫ | ૨૫ | નોટીસ |
| ૬ | ૨૬ | લેખિત યાદી |
| ૭ | ૨૭ | આરોપીના મકાન બાબતનું એફિડેવીટ |

**–:ચુકાદોઃ–**

**૦૧.** સદર કામે ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ કલાક ૦૭–૨૦ વાગ્યે મોજે ગામ– રામનગર, તા–બાવળા, જી– અમદાવાદ ખાતે વીજ કંપનીના અધિકારી/કર્મચારીઓએ વીજ ચેકિંગ કરતાં વીજ મીટરમાં જતા વાયર સાથે વધારાના વાયરની આંકડી મારી વીજ મીટર બાયપાસ કરી ડાયરેક્ટ વીજ વપરાશ કરી રૂા. ૭૪,૧૭૬.૭૪/– પૈસાની વીજચોરી કરી, ગુનો કર્યા અંગેની ફરિયાદ છે.

**૦૨.** આરોપી સામેનો હાલનો કેસ ટ્રાન્સફર થઈને અત્રેની કોર્ટમાં ચાલવા માટે આવતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતાં આરોપી વિરૂદ્ધ **આંક–૦૭** થી તહોમતનામું આરોપી સમક્ષ ફરમાવેલ છે ત્યારબાદ **આંક–૦૮** થી આરોપીનો જવાબ નોંધતાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે.

**૦૩.** ત્યારબાદ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો લક્ષ્યમાં લેતાં આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેતાં, આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તેમજ તેઓએ તેમની દલીલના સમર્થનમાં રજુ કરેલા ચુકાદા વંચાણે લીધા.

**૦૪.** ઉપરોક્ત હકીકતે આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ કલાક ૦૭–૨૦ વાગ્યે મોજે ગામ– રામનગર, તા–બાવળા, જી– અમદાવાદ ખાતે વીજ કંપનીના અધિકારી/કર્મચારીઓએ વીજ ચેકિંગ કરતાં વીજ મીટરમાં જતા વાયર સાથે વધારાના વાયરની આંકડી મારી વીજ મીટર બાયપાસ કરી ડાયરેક્ટ વીજ વપરાશ કરી રૂા. ૭૪,૧૭૬.૭૪/– પૈસાની વીજચોરી કરી, ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) અન્વયેની સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ આખરી હુકમ ?

**૦૫.** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૦૧ નકારમાં

મુદ્દા નં. ૦૨ આખરી હુકમ મુજબ

## નિર્ણયના કારણો

**મુદ્દા નં. ૦૧:–**

**૦૬.** આ તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય કેસની હકીકત, પુરાવા અને કાયદાની પરિસ્થિતીનું પૂનરાવર્તન ન થાય તે હેતુથી આ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

## ફરિયાદપક્ષે કરેલ પુરાવાની ચર્ચા

**૦૭.** ફરિયાદપક્ષ તરફથી આંક–૨૧ થી ફરિયાદી રીટાબેન શીભાભાઇ ભરવાડને તપાસવામાં આવેલ છે, જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા. ૧૦/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ ફરજ પર હતા તે દરમિયાન તેમના સ્ટાફના માણસો વીજ ચેકીંગ કરતાં આરોપી બીબીબેન સુઝનમીયાં વીજ મીટરમાં જતા વાયર સાથે વધારાના વાયરની આંકડી મારી વીજ મીટર બાયપાસ કરી ડાયરેક્ટ વીજ વપરાશ કરી વીજ ચોરી કરતાં રંગે હાથ ઝડપાયેલ. જેથી આ વીજ ચોરી અંગે આકારણી કરી રૂ.૭૪,૧૭૬.૭૪/– નું બિલ તૈયાર કરી, આ કામના આરોપી બીબીબેન સુઝનમીયાંને નોટીસ મોકલી ભરી આપવા જણાવેલ તેમ છતાં તેઓએ પૈસા ન ભરતાં તેમની વિરુધ્ધ ફરિયાદ કરેલ. ત્યારબાદ ઊલટ તપાસ આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરાતાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને બનાવ વિશેની કોઇ જાત માહિતી નથી. તેઓએ ફરજના હોદ્દાની રૂએ ફરિયાદ કરેલ છે. વધુમાં જણાવે છે કે, ફરિયાદ વિલંબથી કરવાનો કોઇ ખુલાસો મારી ફરિયાદમાં કરેલ નથી.

આમ, ફરિયાદીની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો, બનાવ તા. ૧૦/૦૪/૨૦૨૩ ના રોજ બનેલ છે. જ્યારે ફરિયાદ તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ આપેલ છે. જેથી ફરિયાદ ૧૧ દિવસ વિલંબથી આપેલ છે અને તે વિલંબનો કોઇ ખુલાસો ફરિયાદી દ્વારા કરવામાં આવેલ નથી.

**૦૮.** વધુમાં આંક–૦૯ થી અજીતભાઇ બાબુભાઇ પટેલને અને આંક – ૧૧ થી જાકીરભાઇ અકબરભાઇ વોરાને તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં પંચનામામાં જણાવેલી હકીકતોને સમર્થન આપતા નથી. તેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. હોસ્ટાઇલ જાહેર થયા બાદ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. જેથી ફરિયાદપક્ષ બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરી શકેલ નથી.

**૦૯.** વધુમાં આંક – ૧૩ થી કેતનભાઇ નટવરભાઇ મોદીને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ ફરજ પર હતા તે

દરમિયાન વીજ ચોરી અંગે તેઓને ચેકિંગ કરવાની સુચના મળતા તેઓ રામનગર ગામમાં વીજ ચેકિંગ કરતા આરોપી બીબીબેન સુઝનમીયાંના ઘરે વિજ ચેકીંગ કરતા તેઓ વીજ મીટરમાં જતા વાયર સાથે વધારાના વાયરની આંકડી મારી વીજ મીટર બાયપાસ કરી ડાયરેક્ટ વીજ વપરાશ કરી વીજ ચોરી કરતા પકડાયેલ. જેથી વીજ ચોરીના કાગળો તૈયાર કરી તથા વીજ ચોરીમાં વપરાયેલ વાયરો તેમની કચેરીમાં જમા કરાવેલ તથા આ વીજ ચોરી અંગે આકારણી કરી રૂા.૭૪,૧૭૬.૭૪/- નું બિલ તૈયાર કરી, આ કામના આરોપી બીબીબેન સુઝનમીયાંને નોટીસ મોકલી ભરી આપવા જણાવેલ તેમ છતાં તેઓએ પૈસા ન ભરતાં તેમની સામે ફરિયાદ કરેલ. અને ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, વીજ ચેકિંગ શીટમાં ગીતાબેનની કોઈ જગ્યાએ સહી નથી. તેમજ સ્થળ ઉપર ગીતાબેન હાજર હોય તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં જણાવે છે કે, તેઓના નિવેદનમાં ગીતાબેન વીજ ચોરી કરતા હોય તેવું જણાવેલ નથી. વધુમાં જણાવે છે કે, ગીતાબેન વીજ વપરાશ કરતા હોય અને બનાવવાળી જગ્યાના માલિક ગીતાબેન હોય તે દર્શાવતો કોઈ પુરાવો સ્થળ ઉપરથી લીધેલ નથી.

આમ, સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ વંચાણે લેતાં, બનાવ સમયે તેઓ હાજર હતા અને તેમની રૂબરૂમાં વીજચોરીની કાર્યવાહી કરવામાં આવેલ છે. પરંતુ, બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની છે તે અંગેનો માલિકીનો કોઈ પુરાવો સદર સાહેદે લીધેલ નથી.

**૧૦.** વધુમાં આંક – ૧૫ થી સોહીલકુમાર કીર્તીભાઈ પટેલને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ ફરજ પર હતા તે દરમિયાન વીજ ચોરી અંગે તેઓને ચેકિંગ કરવાની સુચના મળતા તેઓ રામનગર ગામમાં વીજ ચેકિંગ કરતા આરોપી બીબીબેન સુઝનમીયાંના ઘરે વિજ ચેકીંગ કરતા તેઓ વીજ મીટરમાં જતા વાયર સાથે વધારાના વાયરની આંકડી મારી વીજ મીટર બાયપાસ કરી ડાયરેક્ટ વીજ વપરાશ કરી વીજ ચોરી કરતા પકડાયેલ. જેથી વીજ ચોરીના કાગળો તૈયાર કરી તથા વીજ ચોરીમાં વપરાયેલ વાયરો તેમની કચેરીમાં જમા કરાવેલ તથા આ વીજ ચોરી અંગે આકારણી કરી રૂા.૭૪,૧૭૬.૭૪/- નું બિલ તૈયાર કરી, આ કામના આરોપી બીબીબેન સુઝનમીયાંને નોટીસ મોકલી ભરી આપવા જણાવેલ તેમ છતાં તેઓએ પૈસા ન ભરતાં તેમની સામે ફરિયાદ કરેલ. અને ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, વીજ ચેકિંગ શીટમાં ગીતાબેનની કોઈ જગ્યાએ સહી નથી. તેમજ સ્થળ ઉપર ગીતાબેન હાજર હોય તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં જણાવે છે કે, તેઓના નિવેદનમાં ગીતાબેન વીજ ચોરી કરતા હોય તેવું જણાવેલ નથી. વધુમાં જણાવે છે કે, ગીતાબેન વીજ વપરાશ કરતા હોય અને બનાવવાળી જગ્યાના માલિક ગીતાબેન હોય તે દર્શાવતો કોઈ પુરાવો સ્થળ ઉપરથી લીધેલ નથી.

આમ, સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ વંચાણે લેતાં, બનાવ સમયે તેઓ હાજર હતા અને તેમની રૂબરૂમાં વીજચોરીની કાર્યવાહી કરવામાં આવેલ છે. પરંતુ, બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની છે તે અંગેનો માલિકીનો કોઇ પુરાવો સદર સાહેદે લીધેલ નથી.

**૧૧.** વધુમાં આંક–૧૬ થી ઉર્મિલાબેન પ્રવીણભાઇ આચાર્યને તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, હું આ કામના આરોપી ગીતાબેનને ઓળખું છું. તેઓ મારા પડોશી છે. હું મારા ઘર પાસે ઉભી હતી ત્યારે પોલીસ મારા ઘર પાસે આવેલી અને મને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. એ સિવાય હું બીજું કાંઇ જાણતી નથી. જેથી સદર સાહેદ બનાવની હકીકતને સમર્થન આપતા નથી. તેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. હોસ્ટાઇલ જાહેર થયા બાદ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

આમ, સદર સાહેદે સ્વત્રંત સાહેદ છે અને આરોપીએ વીજ ચોરી કરેલ છે. તે હકીકતને સમર્થન આપતા નથી.

**૧૨.** વધુમાં આંક–૧૮ થી હલીમાબેન જાનમહોમ્મદ રાઉમાને તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, હું મારા આંગણામાં કચરો વાળતી હતી ત્યારે સાહેબ આવેલા અને એક કાગળમાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. હું સહી કર્યા સિવાય કંઇ જાણતી નથી. મને બનાવ વિશે કાંઇ ખબર નથી. જેથી સદર સાહેદ બનાવની હકીકતને સમર્થન આપતા નથી. તેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. હોસ્ટાઇલ જાહેર થયા બાદ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

આમ, સદર સાહેદે સ્વત્રંત સાહેદ છે અને આરોપીએ વીજ ચોરી કરેલ છે. તે હકીકતને સમર્થન આપતા નથી.

**૧૩.** વધુમાં આંક – ૨૪ થી તપાસ કરનાર અમલદાર અશોકભાઇ છપ્પનભાઇ પટણીને તપાસવામાં આવેલ છે. જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તપાસ તેઓને મળતા તેઓએ પંચનામુ તથા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીને નાણાં ભરી જવા માટે નોટીસ પણ મોકલાવેલી વધુમાં જણાવે છે કે, બનાવવાળું મકાન બીબીબેન સુઝનમીયાંના નામે હોઇ તેમની સામે ફરિયાદ થયેલી. પરંતુ તેઓએ તપાસ કરતાં બીબબેને સદર મકાન વર્ષ – ૨૦૧૫ માં માનસીંગભાઇને વેચી દીધેલું અને માનસિંગભાઇ વર્ષ – ૨૦૧૮ માં અવસાન પામેલા અને તેમના વારસદારમાં તેમની દીકરી ગીતાબેન હોઇ અને તેઓ બનાવવાળા મકાનમાં રહેતા હોય તેમની સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે. તે અંગેનો રીપોર્ટ પણ ચાર્જશીટ સાથે રજુ

રાખેલ છે. તેમજ તે અંગેનું ગીતાબેનનું સોગંદનામું પણ આપેલ છે જે સોગંદનામું ચાર્જશીટ સાથે રજુ રાખેલ છે. અને ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલી અને ઉલટતપાસમાં એવુ જણાવે છે કે આરોપીના રહેઠાણની માલિકીના મેં દસ્તાવેજ લીધેલા છે. તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમાં જણાવે છે કે, મુદ્દામાલ મેં ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી.

પરંતુ, ત.ક.અની જુબાનીને પંચ સાહેદો તેમજ સાહેદ ઉર્મિલાબેન પ્રવીણભાઇ આચાર્ય અને સાહેદ હલીમાબેન જાનમહોમ્મદ રાઉમા સમર્થન આપતા નથી. વધુમાં, ફરિયાદ ૧૧ દિવસ વિલંબથી આપેલ છે તેનો ખુલાસો ત.ક.અ. દ્વારા ફરિયાદી પાસેથી લેવામાં આવેલ નથી. વધુમાં, ત.ક.અ દ્વારા મુદ્દામાલ વાયર ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી કે મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું કોઇ પંચનામું કરેલ નથી.

**૧૪.** હવે આ કામે આક્ષેપીત ગુના બાબતે કાયદાની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી છે. ઉપરોક્ત પુરાવાનું ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવા માટે આપણે આ અધિનીયમની કલમ–૧૫૧ જોઈએ તો તે નીચે પ્રમાણે છે.

"કોઈ પણ કોર્ટ, યોગ્ય સરકારે અથવા યોગ્ય કમિશને અથવા તેમણે અધિકૃત કરેલ કોઈ પણ અધિકારીએ અથવા ચીફ ઈલિકટ્રીકલ ઈન્સ્પેક્ટર અથવા ઈલેક્ટ્રીક ઈન્સ્પેક્ટર અથવા લાયસન્સદાર અથવા યથા પ્રસંગે કંપનીને આ હેતુ માટે કરેલ લેખીત ફરિયાદ ઉપરથી હોય તે સિવાય આ અધિનીયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનું કોગ્નીજન્સ લઈ શકશે નહી."

**૧૪.૧** જયારે આ અધિનિયમની કલમ–૫૦ નીચે પ્રમાણે છે.

"રાજય કમિશન, ઈલેકટ્રીસીટી ચાર્જીસ વસુલ કરવા માટે, ઈલેકટ્રીક ચાર્જીસના બીલ માટેનો ગાળો, તે નહી ભરવા માટે ઈલેકટ્રીસીટી સપ્લાય બધ કરવા, ઈલેકટ્રીસીટી સપ્લાયનું પૂન: મુલ્યાંકન, ચેડા કરવા, ઈલેકટ્રીક પ્લાન્ટ ઈલેકટ્રીક લાઈન અથવા મીટરનો નાશ કરવા, ડીસ્ટ્રીબ્યુશન લાયસન્સદારનો પ્રવેશ અથવા સપ્લાય બંધ કરવા અથવા મીટર ખસેડવા, ઈલેકટ્રીક લાઈન અથવા ઈલેકટ્રીક પ્લાન્ટ અથવા મીટર બદલવા, ફેરફાર કરવા અથવા જાળવવા માટે પ્રવેશ માટે જોગવાઈ કરવા, ઈલેકટ્રીક સપ્લાય કોડ નિર્દેશ કરશે."

**૧૪.૨** આ અધિનિયમની કલમ–૧૩૫(૨) પ્રમાણે રાજય સરકારે આ માટે અધિકૃત કુરેલ વ્યકિતને ૧૩૫(૩)(એ) થી (સી)માં જણાવેલી હકીકત જણાય કે માનવાને કારણ હોવું જોઈએ. આમ, આ જોગવાઈમાં પણ રાજય સરકાર દ્વારા અધિકૃત કરેલી વ્યકિતની હાજરી અને તેના દ્વારા કાર્યવાહી થવી જરૂરી છે.

**૧૪.૩** આ અધિનિયમની કલમ–૧૩૫(૩) પ્રમાણે જડતીના સ્થળે સ્થળનો ભોગવટેદાર અથવા તેના વતી કોઈપણ વ્યકિત, ઝડતી દરમિયાન હાજર રહેશે અને આવી ઝડતી દરમ્યાન કબજે લીધેલી, તમામ વસ્તુઓની યાદી, તૈયાર કરવી જોઈશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે અને તેણે યાદીમાં સહી કરવી જોઈશે. આ જોગવાઈ આજ્ઞાત્મક છે અને તેનું પાલન ન થયું હોય તો આરોપીને પૂર્વગ્રહ ઉભો થાય છે.

**૧૪.૪** આ અધિનિયમની કલમ–૧૩૫ પ્રમાણે, જપ્તી અને ઝડતીને લગતી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની જોગવાઈઓ, શક્ય હોય એટલે સુધી આ અધિનિયમ હેઠળની જપ્તી અને ઝડતીને લાગુ પડશે.

**૧૪.૫** આમ, જપ્તીની અને ઝડતીની કાર્યવાહી જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ પ્રમાણે શક્ય તેટલી કરવી જોઈએ. તેવી કાર્યવાહીની રીત જોઈએ તો આ કામમાં જે મુદ્દામાલથી વીજચોરી કરી છે તે મુદ્દામાલ કબજે લેવો પડે છે, પરંતુ આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત ફલીત થતી નથી ત્યારે ફરિયાદ પક્ષના કેસની હકીકતો બાબતે શંકા રહે છે.

**૧૪.૬** આમ, ઝડતી અને જપ્તીની કાર્યવાહી કે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ પ્રમાણે કરવી જોઈએ તે પણ આ કામમાં ફરિયાદ પક્ષે કરેલ નથી અને મુદ્દામાલ કબજે કરેલ છે જે આ કામે રજુ થયેલ નથી. જેથી તે રીતે આ ગુનામાં ફરિયાદીએ જણાવ્યા પ્રમાણે મુદ્દામાલનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે વીજળી આરોપીએ આ અધિનિયમની કલમ–૧૩૫ પ્રમાણે મેળવેલ હોવાનું નિ:શંક પણે પુરવાર થતું નથી.

**૧૪.૭** એ. આઈ. આર. ૧૯૭૧ ( સુપ્રિમ કોર્ટ) ૧૮૬૫ ઉપરના સાઈડ તારાજી ખીમચંદ વિ. યેલામાત્રી સત્યમના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે, માત્ર દસ્તાવેજને આંક પાડવાથી દસ્તાવેજ સાબિત કરવાની જવાબદારી જતી રહેતી નથી. નામ. સુપ્રિમ કોર્ટે એમ પણ ઠરાવેલ છે કે, જે દસ્તાવેજને આંક પડે તે દસ્તાવેજ માંહેના તથ્યો સાચા હોવાનું સાબીત થવું જોઈએ અને ત્યારબાદ તે તથ્યો સ્વીકારવા પાત્ર છે કે કેમ? તે અદાલતે નક્કી કરવાનું રહે છે.

પ્રસ્તુત કામમાં આંક–૧૦ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ છે. સદર પંચનામુ તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે જ્યારે બનાવ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ બનેલ છે જેથી બનાવ બન્યાનાં આશરે ૧ વર્ષ ૬ મહિના બાદ

બનાવવાળી જગ્યાનું પંચનામુ ત. ક. અમલદાર દ્વારા કરવામાં આવેલ છે. જેથી બનાવવાળી જગ્યાનું પંચનામુ બનાવ બન્યાનાં ૧ વર્ષ ૬ મહિના બાદ કરવામાં આવેલ છે અને શા માટે આટલું વિલંબથી કરવામાં આવેલ છે તેનો ખુલાશો ફરિયાદપક્ષ તરફથી કરવામાં આવેલ નથી.

**૧૪.૮** વધુમાં, નામ. ગુજરાત હાઈકોર્ટની ક્રિમી. અપીલ નં.૯૬૯/૨૦૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. કરશન ચકુભાઈ પરમારના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ તા.૨૯/૦૭/૨૦૦૭ના ચુકાદાના પેરા–૬.૧ માં ઠરાવ્યું છે કે, "નીચલી અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરતાં જણાયું કે ફરિયાદ પક્ષે સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી, જી.ઈ.બી.ના અધિકારી સિવાયના કોઈ અધિકારીને તપાસવામાં આવેલા છે તે રસ ધરાવનાર સાહેદો છે, ફરિયાદ વિલંબથી નોંધવામાં આવેલ છે. તેવા સંજોગોમાં સ્પેશ્યલ કોર્ટે ફરિયાદ પક્ષના કેસમાં મહત્ત્વની ખામી રહી ગઈ છે અને ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ આવા જ કારણસર ફરિયાદ પક્ષ આરોપીએ પાવર ચોરી કરી છે તે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેથી નીચેની અદાલતે આરોપીને શંકાનો લાભ આપ્યો છે અને તેવા ફાઈન્ડીંગમાં કોઈ હસ્તક્ષેપ કરવાનું અમોને કારણ જણાતું નથી તેમજ ટ્રાયલ કોર્ટે જે કારણો આપેલા છે તે સંપૂર્ણ રીતે ન્યાયી છે અને યોગ્ય છે અને તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી અને કોઈ ક્ષતી રહેલ નથી. તેથી વિદ્વાન નીચેની અદાલતનો આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કાયમ કર્યો છે અને આ અપીલ કાઢી નાંખી છે. ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં તારવેલા સિદ્ધાંતો આ કેસની હકીકતમાં બિલકુલ લાગુ પડે છે. કહેવાતા ગુનાના કામમાં મુદ્દામાલ રીકવર કરવો જોઈએ અને તે અંગેનું પંચનામુ કરીને તેવો મુદ્દામાલ તપાસ કરનાર એજન્સીએ રીકવર કરવો જોઈએ અને તેની મુદ્દામાલ પાવતી ફાડીને તેને મુદ્દામાલ રજી. નોંધ લેવી જોઈએ અને મુદ્દામાલ ચાર્જશીટ સાથે અને મુદ્દામાલની પાવતી સહીત કોર્ટમાં રજુ કરવો જોઈએ અને સબંધિત કોર્ટે તે મુદ્દામાલ રજી. લેવો જોઈએ, જેથી કરીને આ મુદ્દામાલ આ ગુનામાં વપરાયો છે કે કેમ તે નક્કી થાય. જયાં સુધી પોલીસ આ રીતે મુદ્દામાલ ગુનાવાળી જગ્યાએથી રીકવર કરીને કોર્ટ સમક્ષ રજુ ન કરે ત્યાં સુધી આવો મુદ્દામાલ આ ગુનામાં સંડોવાયેલ છે કે ગુનો કરવામાં આવો મુદ્દામાલનો ઉપયોગ કરાવેલ છે કેમ અને આરોપીએ આ મુદ્દામાલથી ગુનો આચર્યો છે કે નહીં તે નક્કી થઈ શકે નહી તેમજ તપાસ કરનાર અમલદારે સ્થળ ઉપર જઈને આરોપીની હાજરીમાં મુદ્દામાલ રીકવર કરી તેનું પંચનામું કરવું જોઈએ. જેથી આ કામમાં પંચનામુ તપાસ કરનાર અમલદારે કરેલ ન હોય તેથી આરોપીને પૂર્વગ્રહ ઉભો થાય છે અને આરોપીએ આ ગુનો કર્યો છે કે કેમ તે પણ શંકા ઉભી થાય છે. વધુમાં આંક–૧૦ થી રજુ પંચનામુ જોવામાં આવે તો પંચનામામાં એવુ લખેલ છે કે પંચનામા દરમ્યાન પોલીસે કોઈ ચીજ

વસ્તુ કબ્જે લીધેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે આ કેસમાં આરોપીએ વીજ ચોરી કરી છે તે આક્ષેપ નિઃશંકપણે પુરવાર થતો નથી તેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ.

**૧૪.૯** વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિ. કમલભાઈ નારણભાઈ વ્યાસ, ક્રિ. અ. નં. ૧૭/૨૦૦૯, જજમેન્ટ તા. ૨૭–૦૩–૨૦૦૯ ના ચુકાદામાં પેરા–૦૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જે મકાનમાં વીજચોરી થયેલ છે તે મકાન કોની માલિકીનું છે તે બતાવતો કોઈ આધાર પુરાવો ફરિયાદપક્ષે રજુ કરેલો નથી અને તેથી આરોપીને કલમ–૧૩૫ મુજબના વીજચોરીના ગુનામાં તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી. નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુહાગ મગનલાલ વાછાણી, ક્રિ. અ. નં. ૨૧૩૩/૨૦૦૯, જજમેન્ટ તા. ૨૧–૦૪–૨૦૧૦ ના ચુકાદાના પેરા–૦૩ માં ઠરાવેલ છે કે, જે મિલકતમાં વીજચોરી થઈ રહી હતી તેવો ફરિયાદપક્ષનો આક્ષેપ હોય તે મિલકત આરોપીના એક્સક્લુઝીવ પઝેશનમાં હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરવું જરૂરી છે અન્યથા આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

ઉપરોક્ત ચુકાદો ધ્યાનમાં રાખતા હાલના કેસમાં આરોપી ગીતાબેન ધીરૂભાઇ પટેલ રહે. રામનગર, તા. બાવળા, જી.અમદાવાદનાઓના મકાનમાં વીજ ચોરી કરતા પકડાયેલા તેવો ફરિયાદપક્ષનો કેસ છે અને ફરિયાદપક્ષ તરફથી આરોપી તે મકાનનાં માલીક છે તે દર્શાવવા માટે જ્યારે આંક–૧૪ થી વીજ ચોરી અંગેનો ગ્રાહકનું નિવેદન રજુ છે તેમાં માત્ર આરોપીનું નામ લખેલ છે ઘર નંબર કે મિલકત નંબર ક્યાંય દર્શાવેલ નથી. તેમજ ગ્રાહકના નિવેદનમાં આરોપીની સહી નથી. જેથી જે મકાનમાં વીજ ચોરી થયેલ છે તે મકાન આરોપીની માલીકીનું છે તેનો પુરાવો રજુ થયેલ નથી. જેથી ઉપરોક્ત ચુકાદો ધ્યાનમાં રાખતા જે મકાનમાં વિજ ચોરી કરતા પકડાયેલ છે તે મકાન આરોપીની માલીકીનું છે તે દર્શાવતો કોઇ જ પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. તેમજ જે સાહેદોએ ગ્રાહકનું નિવેદન તૈયાર કરેલ છે. તેઓ પણ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓએ આરોપીના મકાનના કોઇ પુરાવા લીધેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદારનાઓએ પણ આરોપીના મકાનની માલિકી બાબતના કોઇ પુરાવા લીધેલ નથી. તેમજ જે જગ્યાએ વીજ ચેકિંગની કાર્યવાહી કરેલ તે જગ્યાના માલિક આરોપી છે તે બાબતે પણ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. જેથી બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની છે અને આરોપીના કબજા ભોગવટા વાળી છે તે સંદર્ભે ફરિયાદ પક્ષ તરફથી કોઇ પુરાવા રજુ થયેલ નથી. વધુમાં બનાવ તા. ૧૦/૦૪/૨૦૨૩ ના રોજ બનેલ છે. જ્યારે ફરિયાદ તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ આપેલ છે. જેથી ફરિયાદ ૧૧ દિવસ વિલંબથી આપેલ છે અને તે વિલંબનો કોઇ ખુલાસો ફરિયાદી દ્વારા કરવામાં આવેલ નથી.

**૧૪.૧૦** વધુમાં ફરિયાદપક્ષે ફરિયાદીએ મુદ્દામાલ ચાર્જશીટની સાથે કોર્ટમાં રજુ કરેલ નથી કે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ કરેલ નથી કે આવું પંચનામું કોર્ટ રૂબરૂ રજુ કરેલ નથી તેમજ બનાવવાળી જગ્યાના માલિક કે કબજેદાર આરોપી છે તેવું નીઃશંકપણે સાબીત થતું નથી. તેમજ આ અધિનીયમની કલમ–૧૩૫(૩) પ્રમાણે ગુનાવાળી જગ્યાએ ઝડતી દરમિયાન સ્થળ ઉપર કબજેદાર એટલે કે આરોપી હાજર ન હતા કે તેમની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય અને તેની યાદી બનાવવામાં આવેલ હોય અને તેમાં આરોપી કે કબજેદાર કે ભોગવટેદાર તેવી યાદીમાં સહી કરેલ હોય તેવું સાબીત થતું નથી. આમ, આ અધિનીયમની કલમ–૧૩(૩)ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થતું નથી.

**૧૪.૧૧** આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તથા ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષ્યમાં લેતા ફરિયાદ પક્ષે તેમની કાર્યવાહીમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૯૯ થી ૧૦૧ ની જોગવાઈનું ચુસ્તપણે પાલન નથી કર્યુ તો પણ ગોપાલભાઈ ચંદુભાઈ રાણા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૮ (૩), જી. એલ આર. ૨૦૨૬ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે, ફરિયાદ પક્ષે જે ફોજદારી કાર્યરીતી સંહિતાની ઉપરોકત જોગવાઈનું પાલન ચુસ્તપણે કરેલ જ નથી તેને અનિયમિતતા ગણી લઈએ તો પણ, ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટના છેલ્લા ચુકાદાઓ પ્રમાણે પણ ફરિયાદ પક્ષનો કેસ ગુણ દોષ ઉપર વિશ્વસનીય જણાતો નથી. તેમજ " અહેવાલ " તથા રોજકામમાં માત્ર સહીઓ જ પુરવાર કરવામાં આવ્યેથી અહેવાલ તથા રોજકામની હકીકત પુરવાર થતી નથી. માત્ર ગુનાના તપાસ કરનાર અધિકારી તે અહેવાલ બાબત સોગંદ ઉપરની જુબાની આપે તો તેથી આરોપીને સજા કરવી સલાહ ભરેલું નથી. ગુનાવાળી જગ્યાના માલિકી અને કબજા બાબત અને તેની સાથે આરોપીને આ ગુનામાં સાંકળતો નિ:શંક પુરાવો હોવો જોઈએ. વધુમાં આ કામના આરોપીના મકાનની માલિકી અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી. આમ, ચોક્કસપણે હાલના આરોપી આક્ષેપીત જગ્યાએ જ વીજચોરી કરતા મળી આવેલ હોવાનું અને આરોપી આક્ષેપીત જગ્યાના કબજેદાર અને ભોગવટેદાર હતા તેવું લેશમાત્ર પુરવાર થતું હોવાનું ગણી શકાય નહીં. હાલના આરોપી સામેના આ ગુનો ફરિયાદ પક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, આ કામમાં આરોપીને કહેવાતા ગુના સાથે સાંકળી શકાય તેવો નિ:શંક પુરાવો નથી. જેથી આરોપીને કહેવાતા ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**૧૪.૧૨** આ ઉપરાંત આપણે નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવી. બેન્ચનો ચુકાદો જોઈએ તો નામ. ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ. જયેન્દ્રસિંહ મોતીસિંહ ઝાલા, ૨૦૧૨(૨), ગુજરાત કરન્ટ ડીસીઝન, ૧૧૧૦ (ડીવી. બેન્ચ) ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, વીજચોરીના ગુનામાં જ્યારે અનઅધિકૃત જોડાણનો ફરિયાદ પક્ષનો આક્ષેપ હોય ત્યારે કેસમાં

પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે સ્પે. અદાલતે એ હકીકત ધ્યાને લેવાની છે કે, ફરિયાદપક્ષનો કેસ નબળા પુરાવાથી આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવામાં નબળો બને છે. તે કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવીઝન બેન્ચ સમક્ષ એવી હકીકત હતી કે, જ્યારે ચેકીંગ કરવામાં આવ્યું તે સમયે કોઈ પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલ જ ન હતું તથા આરોપીએ વીજ ચોરી કરવા માટે જે સાધનોનો ઉપયોગ કરેલો હતો તે સાધનો કબજે કરવામાં આવેલ ન હતા. જે મકાનમાં રેઈડ કરવામાં આવેલ હતી. તે ઘરનો કબજેદાર કોણ હતો તે નક્કી થઈ શકતું ન હતું. તેથી વીજચોરી માટે હાલના આરોપીને જવાબદાર ગણી શકાય નહીં તેમ નામ. હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચે ઠરાવેલ છે અને સ્પે. અદાલત દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો જે હુકમ છે તે કાયમ રાખેલો છે. આમ, નામ. ગુજરાત હાઈકોર્ટની નામ. ડીવી. બેન્ચના આ ચુકાદા મુજબ જે મકાનમાં વીજચોરી થાય તે મકાન આરોપીની માલિકી અથવા કબજો છે તેમ દસ્તાવેજી પુરાવાથી સાબીત થવું જોઈએ, અન્યથા આરોપીને સજા થઈ શકે નહીં. નામ. ડીવી. બેન્ચે એમ પણ ઠરાવેલ છે કે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરવું ફરજીયાત છે તથા નામ. ડીવી. બેન્ચે એમ પણ ઠરાવેલ છે કે, જે સાધનો તથા વાયરો વડે વીજ ચોરી થતી હતી તેવો આક્ષેપ હોય તે સાધનો તથા વાયરો કબજે કરવા જોઈએ અને ત. ક. અમલદારે તે સ્પેશ્યલ અદાલતમાં રજુ પણ કરવા જોઈએ, અન્યથા આરોપીએ ગુનો કર્યો છે તેમ સાબીત થયેલું માની શકાય નહીં. સાહેદોના નિવેદનો નોંધવામાં પણ બીનજરૂરી વિલંબ થયેલો અને તેથી તપાસ દુષીત થાય છે. વળી ગુનો બન્યા તારીખ તેમજ ફરિયાદ દાખલ થયા તારીખમાં ઘણો મોટો વિલંબ થયેલ હોવાનું સ્પષ્ટ માલુમ પડે છે, તેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૪.૧૩** આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તથા મારી ઉપરોક્ત સમગ્ર ચર્ચા લક્ષમાં લેતાં, સાહેદ કેતનકુમાર નટવરલાલ મોદી અને સોહીલકુમાર પટેલનાઓએ જે મકાનમાં વીજ ચોરીની કાર્યવાહી કરેલ તે મકાનના માલિક તરીકે બીબીબેન સુઝનમીયાં હોવાનું જણાવે છે. અને ત.ક.અ. દ્વારા એવું જણાવવામાં આવે છે કે, બનાવવાળી જગ્યાના માલિક બીબીબેન સુઝનમીયાનાઓએ સદર મકાન વર્ષ ૨૦૧૫ માં માનસિંગભાઈને વેચી દીધેલ અને માનસિંગભાઈ વર્ષ ૨૦૧૮ માં અવસાન પામતા તેમના વારસદારમાં તેમની દીકરી ગીતાબેન હોઈ તેઓ સદર મકાનમાં રહેતા હતા અને તે મુજબનું એફિડેવીટ પણ ત.ક.અ નાઓએ આંક – ૨૭ થી રજુ કરેલ છે જેથી બનાવવાળી જગ્યાના માલિક ગીતાબેન હોઇ તેમની સામે ચાર્જશીટ કરેલ જે સંદર્ભે આંક – ૧૮ થી હલીમાબેન નાઓનું પુરાવો જોવામાં આવે તો તેઓ ત.ક.અ.ની હકીકતને સમર્થન આપતા નથી અને બનાવ વિશે તેઓ કંઇ જાણતા નથી તેમ જણાવેલ છે. તેમજ આંક – ૧૬ થી તપાસેલ સાહેદ ઉર્મિલાબેન આચાર્ય નાઓ પણ એવું જણાવે છે કે,

તેઓ બનાવ વિશે કંઈ જાણતા નથી. વધુમાં, બનાવવાળી જગ્યાના માલિક અને કબ્જેદાર હાલના આરોપી હોઇ તેવો કોઇ દસ્તાવેજી પુરાવો કે સરકારી રેકર્ડ ત.ક.અ દ્વારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આંક – ૨૭ થી રજુ એફિડેવીટ જોવામાં આવે તો તેમાં મકાન વેચનાર તરીકે બીબીબેન સુઝનમીયાનું ક્યાંય નામ લખેલ નથી તેમજ આરોપીના પિતા માનસિંગભાઇ નાગજીભાઇ નાઓએ સદર બનાવવાળી જગ્યા વાળું મકાન કોની પાસેથી ક્યારે લીધેલ છે તે અંગેનો કોઇ ઉલ્લેખ સદર સોગંદનામામાં નથી. જેથી બનાવવાળી જગ્યાના કબ્જેદાર અને માલિક હાલના આરોપી છે તે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામે ચોરીમાં વપરાયેલ વીજ વાયર મુદ્દામાલ તપાસના કામે રજુ કરેલ નથી અને ફરિયાદ ૧૧ દિવસ જેટલા વિલંબથી આપેલ છે તેનો કોઇ ખુલાસો કરેલ નથી. તેથી આ કામમાં આરોપીને કહેવાતા ગુના સાથે સાંકળી શકાય તેવો નિઃશંક પુરાવો નથી. જેથી આરોપીને કહેવાતા ગુના માટે તક્સીરવાન ઠરાવી શકાય નહી. આમ, કેસના તમામ સંજોગો લક્ષ્યમાં લેતાં મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમઃ–**

**૦૧.** આરોપી ગીતાબેન ધીરૂભાઇ પટેલ રહે. રામનગર, તા. બાવળા, જી.અમદાવાદનાઓને ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબના ગુનામાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** આરોપીએ અપીલ પીરીયડ સુધીના રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૩.** આ કામના આરોપીના જામીન તથા જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૭મી, માહે – એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૭/૦૪/૨૦૨૬
સ્થળ: ધોળકા

**(પુર્વજીતસિંહ પ્રવિણસિંહ જાડેજા)**
૮માં એડીશનલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ,
ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નંબર જીજે.૦૦૮૩૨